પત્રકમાંક:મઉમશબ/SSC/2020/67-104
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, સચિવાલય પાંસે,
ગાંધીનગર. તા.01/07/2020

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય.

**વિષય:-** કોવિડ-19ના સમય દરમ્યાન હોમ લર્નિંગના મૂલ્યાંકન અંગેની એકમ કસોટીના આયોજન બાબત.

**સંદર્ભ:-**

૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:- બમશ/1120/142/છ તા:-12/02/2020
૨. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2020/1520-55, તા.02/06/2020
૩. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૧/2020/192931/ક, તા.05/06/2020
૪. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2020/1686-1720, તા.10/06/2020
૫. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2020/1749-82, તા.17/06/2020
૬. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2020/1915-48, તા.26/06/2020

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, તમામ સરકારી, ગ્રાન્ટ-ઇન-એઇડ અને સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં એકસમાન રીતે ધોરણ-9 થી 12 માં એકમ કસોટી તેમજ સત્રાંત અને વાર્ષિક પરીક્ષા લેવા બાબતે સંદર્ભ-૧ દર્શિત શિક્ષણ વિભાગના ઠરાવથી નિર્ણય કરવામાં આવેલ છે. સંદર્ભ-૨ થી ૬ દ્વારા તમામ શાળાઓમાં હાલની કોવિડ-19ની પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ દ્વારા હોમ લર્નિંગ વધુ રીતે થાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે.

વર્તમાન કોવિડ-19ની પરિસ્થિતિમાં ધોરણ-9 થી 12 ના વિદ્યાર્થીઓ માટે Home Learning કાર્યક્રમ દ્વારા અલગ-અલગ માધ્યમ દ્વારા શાળાઓ શૈક્ષણિક કામગીરી કરી રહી છે. શૈક્ષણિક વર્ષ 2020-21માં તા:-29/07/2020 થી તા:-30/07/2020 દરમ્યાન ધોરણ-09 થી 12ની પ્રથમ એકમ કસોટી યોજવાની થાય છે. જેમાં નીચે મુજબના વિષયોના પ્રશ્નપત્રોની Soft Copy બોર્ડ દ્વારા તૈયાર કરી જિલ્લાંશિક્ષણાધિકારીશ્રીના આધિકારીક મેઇલ એડ્રેસ પર પરીક્ષાના બે થી ત્રણ દિવસ પહેલાં મોકલી આપવામાં આવશે. જેના સંચાલનના નિયમો અને અભ્યાસક્રમ નીચે પ્રમાણે રહેશે.

1. ધોરણ- 09 થી 12ની એકમ કસોટી ગુજરાત માધ્યમિક ઉચચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ સરકારી / ગ્રાન્ટ-ઇન-એઇડ અને સ્વનિર્ભર શાળાએ ફરજિયાત લેવાની છે.
2. ધોરણ-09 થી 12ની એકમ કસોટી તા:-29/07/2020 થી તા:-30/07/2020 દરમ્યાન વિદ્યાર્થીએ પોતાના ઘરે રહીને અનુકૂળતા મુજબ આપવાની રહેશે.
3. એકમ કસોટીમાં બે વિષયનો સમાવેશ કરેલ છે. દરેક વિષયનું પ્રશ્નપત્ર 25 ગુણનું રહેશે અને તેનો સમયગાળો મહત્તમ એક કલાકનો રહેશે.
4. એકમ કસોટીના વિષયો અને અભ્યાસક્રમની વિગત પાછળના પૃષ્ઠપર કોષ્ટકમાં દર્શાવેલ છે.

આ.શિ.નિ. 2/7/20    શાળાને પરિપત્ર કરીએ 2/7/2020    2/7/2020

| ધોરણ | વિષય | પ્રકરણનું નામ |
| --- | --- | --- |
| ધોરણ – 9 | વિજ્ઞાન | 1. આપણી આસપાસનાં દ્રવ્ય<br>5. સજીવનો પાયાનો એકમ |
| | ગુજરાતી | 1. સાંજ સમે શામળિયો – પદ્ય<br>2. ચોરી અને પ્રાયશ્ચિત – ગદ્ય<br>3. પછે શામળિયોજી બોલિયા – પદ્ય |
| ધોરણ -10 | ગણિત | 1. વાસ્તવિક સંખ્યા<br>15. સંભાવના |
| | સામાજિક વિજ્ઞાન | 1. ભારતનો વારસો<br>8. કુદરતી સંસાધનો<br>15. આર્થિક વિકાસ |
| ધોરણ – 11 (સામાન્ય પ્રવાહ) | અંગ્રેજી (013) | Unit-1 (Main Text) (Read-1 and Read-2) |
| | અંગ્રેજી (006) | Ch. 1 The Portrait of a Lady<br>Poem : A Photograph |
| | વાણિજ્ય વ્યવસ્થા | 1. ધંધાનું સ્વરૂપ, હેતુ અને કાર્યક્ષેત્ર<br>2. ધંધાકીય સેવાઓ |
| | મનોવિજ્ઞાન | 1. મનોવિજ્ઞાન એક વિજ્ઞાન<br>2. અભ્યાસ પદ્ધતિઓ |
| ધોરણ – 12 (સામાન્ય પ્રવાહ) | અંગ્રેજી (013) | Unit-1 (Read-1 and Read-2) |
| | અંગ્રેજી (006) | Ch.1 The Last Lesson<br>Poem : 1 My Mother at Sixty Six |
| | વાણિજ્ય વ્યવસ્થા | 1. સંચાલનનું સ્વરૂપ અને મહત્વ<br>2. સંચાલનના સિદ્ધાંતો |
| | મનોવિજ્ઞાન | 1. સંવેદન, ધ્યાન અને પ્રત્યક્ષીકરણ<br>2. શીખવાની ક્રિયા |
| ધોરણ – 11 (વિજ્ઞાન પ્રવાહ) | રસાયણ વિજ્ઞાન | 1. રસાયણ વિજ્ઞાનની કેટલીક પાયાની સંકલ્પનાઓ<br>2. પરમાણુનું બંધારણ |
| | ભૌતિક વિજ્ઞાન | 1. ભૌતિક જગત<br>2. એકમ અને માપન |
| ધોરણ – 12 (વિજ્ઞાન પ્રવાહ) | રસાયણ વિજ્ઞાન | 1. ઘન અવસ્થા<br>2. દ્રાવણો |
| | ભૌતિક વિજ્ઞાન | 1. વિદ્યુતભારો અને વિદ્યુતક્ષેત્રો<br>2. સ્થિતવિદ્યુતસ્થિતિમાન અને કેપિસિટન્સ |

Scanned with CamScanner

5. ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પાઠયપુસ્તકના આધારે જ એકમ કસોટીનું આયોજન કરવામાં આવશે.
6. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને એકમ કસોટીના પ્રશ્નપત્રો સોફ્ટ કોપીમાં બે થી ત્રણ દિવસ પહેલાં આધિકારીક મેઇલ એડ્રેસ પર પહોંચાડવામાં આવશે. જે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા SVS / QDC ના માધ્યમે જે તે શાળાના આચાર્યશ્રીને Soft Copy માં ગોપનીય રીતે પહોંચાડવાના રહેશે.
7. એકમ કસોટીના દિવસે શાળા દ્વારા વિદ્યાર્થીના ઘરે સોફ્ટ/હાર્ડ કોપીમાં પ્રશ્નપત્ર પહોંચાડવાનું રહેશે.
8. વિદ્યાર્થીઓએ એકમ કસોટી માટે એક અલગથી નોટબુક બનાવવાની રહેશે. જેમાં આ એકમ કસોટીના જવાબો લખવાના રહેશે. સદર કસોટી વાલી અને વિદ્યાર્થીની અનુકૂળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હેઠળ ઘરેથી લખે તે અપેક્ષિત છે. કસોટીનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટી ભયમુક્ત અને તનાવમુક્ત સ્થિતિમાં આપે તે ઇચ્છનીય છે.
9. વિદ્યાર્થી દ્વારા લખાયેલ એકમ કસોટીની નોટબુક તા.31/07/2020 સુધીમાં વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઇચ્છનીય છે. આ નોટબુકના મૂલ્યાંકનની કામગીરી વિષય શિક્ષક દ્વારા કરાવવાની રહેશે.
10. એકમ કસોટીમાં મેળવેલ ગુણ SSA ના વેબ પોર્ટલ પર શાળા દ્વારા અપલોડ કરવાના રહેશે.

આ અંગેની વિગતો આપના તાબાની તમામ સરકારી, ગ્રાન્ટ-ઇન-એઇડ અને સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપશો.

ક્રમાંક:માવિ.૯/એકમ કસોટી/૨૦૨૦/ ૧૨૭૬૧-૯૬૧
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા.૦૩/૦૭/૨૦૨૦

<u>નકલ રવાના જાણ તથા અમલસારૂં.</u>

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ મા. અને ઉ.મા.શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned with CamScanner